ઇશ્વરનો આભાર માનવા માટે જો તમને કોઇ કારણ ન મળે તો નક્કી માનજો કે તમારામાં કશીક ખામી છે
- શાહબુદ્દીન રાઠોડ

# ગાંધીનગર સમાચાર

આપણું પોતાનું અખબાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૬૩ | ૬ ડિસેમ્બર, ૨૦૧૪, શનિવાર ; માગશર સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વાઈબ્રન્ટમાં 'નેત્ર' દ્વારા હવાઈ સુરક્ષા


**વાઈબ્રન્ટ સમિટમાં આવનાર વીવીઆઈપી મહાનુભાવોની સુરક્ષા માટે અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર સુધી કેમેરા : આકાશમાંથી સર્વેલન્સ કરવા બે 'નેત્ર' ઊડાવવામાં આવશે : મોટી-મોટી કુદરતી હોનારતોમાં સર્ચ અને રેસ્કયુ ઓપરેશનમાં તથા રથયાત્રામાં પણ નેત્રનો ઉપયોગ થયો હતો**

ગાંધીનગર, તા. ૫

વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન ગાંધીનગરમાં આવનાર વીવીઆઈપી મહાનુભાવોની સુરક્ષા માટે અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર સુધી પોલીસ જવાનો, વૉચ ટાવર, સીસીટીવી કેમેરા, પાયલોટીંગ-એસ્કોટીંગ તો રહેશે જ...! તે ઉપરાંત આકાશમાં બબ્બે નેત્ર પણ ઉડાવવામાં આવશે. જે વીવીઆઈપી મહાનુભાવોનો આખો રૂટ તથા તે વિસ્તારની આસપાસની ગતિવિધિઓ કેમેરામાં કેદ કરશે અને પોલીસ અધિકારીઓ પળેપળની હિલચાલ કંટ્રોલરૂમમાં સ્ક્રીનમાંથી જોઈ શકશે. વાઈબ્રન્ટમાં સુરક્ષા વ્યવસ્થા માટે ગાંધીનગર પોલીસે બે નેત્ર (ડ્રોન)ની માંગણી કરી છે.

ડિફેન્સ રીસર્ચ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડી.આર.ડી.ઓ.) દ્વારા એક મહત્વનું ઉપકરણ 'નેત્ર' તૈયાર કરવામાં આવ્યું છે. નેત્ર (ડ્રોન) એટલે એક એવુ નાનું વિમાન જેવું ઉપકરણ જે હાઈ રીઝોલ્યુશન

● અનુસંધાન પાન-૭ પર



## સીસીટીવી કેમેરાના સર્વેલન્સ માટે ત્રણ કંટ્રોલરૂમ બનશે

ગાંધીનગર શહેરના મહાત્મા મંદિર સંકુલ, પ્રવેશદ્વારો, એક્ઝીબીશન સેન્ટર સેક્ટર-૧૭, શહેરનાં પ્રવેશદ્વારો અને અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર રૂટ પર મળીને કુલ ૩૦૦ જેટલા સીસીટીવી કેમેરા લગાડવામાં આવનાર છે. જે પૈકી માર્ગો પરના સીસીટીવી કેમેરાના સર્વેલન્સ કોબા ચોકી પર થશે. તે ઉપરાંત મુખ્ય ત્રણ સર્વેલન્સ કંટ્રોલ રૂમ તૈયાર કરવામાં આવશે. ડીએસપી કચેરી, મહાત્મા મંદિર અને સે. ૧૭ એક્ઝીબીશન સેન્ટર ત્રણ સ્થળોએ સીસીટીવી કેમેરાના સર્વેલન્સ રૂમ બનાવવામાં આવશે.

## એરપોર્ટથી ગાંધીનગર રૂટ પર ૨૦ વોચ-ટાવર ઉભા કરાશે

વાઈબ્રન્ટ સમિટમાં આવનાર મહાનુભાવોની સુરક્ષા અને સલામતિની બાબતોમાં સ્હેજ પણ છીંડુ પોલીસ રાખવા માંગતી નથી. તેમના આખાય રૂટમાં એટલે કે અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર સુધી સીસીટીવી કેમેરા ઉપરાંત હથિયારોથી સજ્જ પોલીસ સાથે વોચ ટાવરો ઉભા કરવામાં આવશે. આખા રૂટમાં ૨૦ જેટલા વૉચ ટાવરો ઉભા કરાશે. હથિયારી પોલીસ વૉચ ટાવર પર ઉભી રહીને આસપાસના વિસ્તાર પર વૉચ રાખશે.

# જિલ્લાની ૧૦૦ શાળાઓ શિક્ષણના અધિકારીઓ દત્તક લેશે

**કલ્યાણધામ ખાતેની ચિંતન શિબિરમાં ગુણવત્તાસભર શિક્ષણ, મૂલ્યલક્ષી શિક્ષણ તેમજ બાળકોમાં વાંચન અભિરૂચિ વધે તેવા મહત્વના વિષયો પર ૧૫૦ થી પણ વધુ શિક્ષણના અધિકારીઓએ ચિંતન કર્યુ**

ગાંધીનગર, તા. ૫

ગુણોત્સવમાં બી અને સી ગ્રેડ મેળવનાર શાળાઓને જિલ્લા પ્રા. શિ. અધિકારીથી લઈ સીઆરસી સુધીના અધિકારીઓ ૧૦૦ શાળાઓને દત્તક લેશે.

જિલ્લાના પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાસભર બનાવવાના અભિયાનના ભાગરૂપે આવો નવતર અભિગમ અપનાવવાનો નિર્ણય દહેગામના કલ્યાણધામ ખાતે યોજાયેલ ચિંતન શિબિરમાં લેવામાં આવ્યો હતો.

જિલ્લાના ચારેય તાલુકાના બીઆરસી સીઆરસી સર્વ શિક્ષા પ્રોજેક્ટ અભિયાનના અધિકારીઓ અને શિક્ષણતંત્રના અધિકારીઓની યોજાયેલી આ ચિંતન શિબિરમાં અતિ મહત્વની ચર્ચાઓને અંતે જિલ્લાના શૈક્ષણિક સ્તરને વધુ ગુણવત્તાસભર બનાવવા માટે ચિંતન થયું હતું.

આ ચિંતન શિબિરમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી નટવરસિંહ રાઠોડ, નાયબ જિલ્લા પ્રા.શિ. અધિકારી શ્રી સંજયભાઈ, સર્વ શિક્ષાના શ્રી જિજ્ઞેશભાઈ દવે તેમજ વિવિધ વિષયના તજજ્ઞોએ હાજરી આપી ચિંતન શિબિરમાં માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

ગાંધીનગર તાલુકામાં ગુણવત્તા સુધારણાલક્ષી શિક્ષણ, કલોલ તાલુકામાં પ્રા. શાળાઓમાં પ્રયોગ શાળાઓના સુદૃઢીકરણ અંગે, માણસા તાલુકામાં મૂલ્યલક્ષી શિક્ષણ અંગે તો દહેગામ તાલુકામાં પુસ્તકાલયોના પુસ્તકો સહિત ઈતર વાંચન માટે બાળકો કેવી રીતે પ્રેરી શકાય તેવા વિવિધ વિષયોને લઈ ચિંતન કરાયું હતું.

ચિંતન શિબિરનો અંતે ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે ૧૦૦ શાળાઓ દત્તક લેવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

શિક્ષણ જગતના નવીન પ્રવાહોથી અધિકારીઓને વાકેફ કરવામાં આવ્યા હતા તેમજ ઉપચારાત્મક વર્ગો જે ૧લી ડિસેમ્બરથી જિલ્લાકક્ષાએ હાથ ધરાયા છે તેનું સઘન મોનીટરીંગ કરવાનો નિર્ણય પણ આ ચિંતન શિબિરમાં લેવામાં આવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે દિવસના અંતે ચારેય તાલુકાના ગૃપોમાંથી પ્રાપ્ત થયેલા સૂચનોની એક આખી રૂપરેખા તૈયાર કરી આગામી દિવસોમાં શિક્ષણની દિશામાં કેટલાક મહત્વના પગલાંઓ લેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

આ શિબિરમાં દરેક ગૃપ દ્વારા રજુ થયેલા સૂચનોને પગલે બાળકોમાં વાંચન અભિરૂચિ વધે તેના પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. શાળા દ્વારા ભીંતપત્રો શરૂ કરવા, પ્રાર્થનાને અંતે સમાચાર વાંચન તથા નવા પુસ્તકોનો પરિચય આપતા નાના પ્રવચનો શરૂ કરવા સહિતના પગલાં સૂચવવામાં આવ્યા છે.

ખાસ કરીનો બાળકોને ગુજરાતી ભાષામાં વધુ અભિરૂચિ જાગે તે માટે જાણીતા તજજ્ઞ શ્રી રાજયગુરૂએ પણ ખુબ રસપ્રદ પ્રવચન રજુ કર્યુ હતું.

આ ચિંતન શિબિરમાં સ્વચ્છ શાળા-સ્વસ્થ શાળા, શાળા નામાંકન-આર્થિક અને સૈગિંક સમાનતા, શાળા વ્યવસ્થાપન સમિતિના સુદૃઢીકરણ, કોમ્પ્યુટર અને આધુનિક ટેકનોલોજીનો વર્ગખંડ શિક્ષણમાં ઉપીયોગ સહિતના વિષયોને લઈ ચિંતન કરવામાં આવ્યું હતું.



ક્રિસમસની તૈયારી - ખ્રિસ્તી પરિવારોના પર્વ ક્રિસમસ આડે ગણતરીના દિવસો છે ત્યારે ઉજવણીની તૈયારી શરૂ થઈ ગઈ છે. તૈયારીના ભાગરૂપે ચર્ચના ડેકોરેશનની તૈયારીઓ આરંભાઈ છે....

# રવિ કૃષિ મહોત્સવમાં ૪૦૦ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ એનાયત કરાશે

**છ માસમાં છ હજાર જેટલા કે.સી.બી. બેંકો દ્વારા અપાયા છે : કૃષિ ક્ષેત્રે ધિરાણના લક્ષ્યાંક સિદ્ધ નથી થયા**

ગાંધીનગર, તા. ૫

રવિ કૃષિ મહોત્સવ દરમ્યાન જિલ્લાના ૪૦૦ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ એનાયત કરવામાં આવશે. જો કે જિલ્લામાં એગ્રીકલ્ચર ક્ષેત્રે બેંકો દ્વારા ધિરાણ ઓછઉ થતુ હોવાથી સરકારે હવે ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ થકી આ ખાધને દૂર કરવા પર ભાર મુક્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં છેલ્લા છ માસ દરમ્યાન ૬ હજારથી પણ વધુ કિસાન ક્રેડિટ કાર્ડ બેંકો દ્વારા ઈસ્યુ કરવામાં આવ્યા છે.

કિસાન ક્રેડિટ કાર્ડ ઉપરાંત બેંકોને ફાર્મર્સ ક્લબો પણ ઉભી કરવા માટે સરકારે સૂચનાઓ આપી છે. જિલ્લામાં ૩૦૦ જેટલી ફાર્મર્સ ક્લબો કાર્યરત હોવાનું જામવા મળેલ છે. જો કે આ સંખ્યા પણ બમણી કરવા પરની વ્યૂહરચના વિચારાધીન બેંકો દ્વારા હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં જ નહિ પણ રાજ્યકક્ષાએ આ વર્ષે કૃષિ વિકાસ વર્ષની ઉજવણી ચાલી રહી છે ત્યારે રવિ કૃષિ મહોત્સવ ઉજવવામાં આવનાર છે. આ માટેના કાર્યક્રમો પણ ઘોષિત થી ચુક્યા છે.

રવિ કૃષિ મહોત્સવ દરમ્યાન ખેડૂતોને ક્રેડિટ કાર્ડ ઉપરાંત વિવિધ કિસાનોની કૃષિલક્ષી યોજનાના ચેકોનું પણ વિતરણ કરવામાં આવનાર છે. મળતી વિગતો પ્રમાણએ જિલ્લામાં કૃષિ મહોત્સવની ઉજવમઈના આયોજનને આખરી ઓપ અપાઈ ચુક્યો છે.

રવિ કૃષિ મહોત્સવમાં વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવા ઉપરાંત મંત્રીશ્રી બોખીરીયા અને શ્રી નાનુભાઈ વાનાણી પણ ઉપસ્થિત રહેનાર છે.




ઓછી મજુરી મોટું વળતર
૯૧૬ હોલમાર્ક વાળા દાગીના
મજુરી ફક્ત રૂ. ૧૫૧/-
પ્રતિ ગ્રામ
(શેરથાવાળા)
N.C. Zaveri
Gold, Jadtar, Antique, Real Diamond & Silver
૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)

ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હૉલ

YOUR OWN Resort
નિરવતાનો રવ...
bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181/82 | 99249 31224 | 98258 03299

ગાંધીનગર એક્રીડીટેડ પ્રેસ કલબ ના નવા નિમણુંક થયેલ હોદ્દેદારોને ખોબલે...ખોબલે અભિનંદન

પ્રમુખ મુકેશ પંડયા
કારોબારી અધ્યક્ષ જતીન શુકલ
ઉપ પ્રમુખ અનુભા ઝાલા
મહામંત્રી પંકજ આહિર
ખજાનચી મીના પરીખ
સંગઠન મંત્રી દશરથ લિમ્બાચીયા
સહ મંત્રી મહેન્દ્ર વોરા

-:: એક્રીડીટેડ પ્રેસ કલબના સભ્યો દ્વારા શુભેચ્છાઓ ::-
સતિષભાઈ પાઠક (દાદા)
શારદાબેન શુકલ
લક્ષ્મણભાઈ પટેલ
કનુભાઈ દરજી
વિકાસભાઈ પુરોહિત
રાજેન્દ્રકુમાર લીમ્બાચીયા
ગીતાબેન કે. ભાવસાર
ભરતભાઈ પટેલ
અશ્વિનભાઈ વ્યાસ
સ્વાતિ જે. શુકલ
ગૌરાંગ પંડયા
ધમિષ્ઠાબેન શર્મા
સુધિરભાઈ જાની
જયશ્રીબેન લીમ્બાચીયા
પ્રકાશ બારોટ
રાજુભાઈ જોષી
વિઠ્ઠલભાઈ પટેલ
મિલનભાઈ વ્યાસ
કનૈયાલાલ ભાવસાર
આશુતોષ પંડયા
ભાગ્યેશ દવે
વિજય બારોટ